# વટવા જીઆઈડીસીમાં ગેસ ગળતરથી ચારના મોત

**પ્લાન્ટમા બેભાન થઈ પડેલા કામદારને બહાર કાઢવા જતા અન્ય પણ પ્લાન્ટમા પડ્યા : પોલીસ દ્વારા માલિક સામે ફરિયાદ : એફલ્યુઅન્ટ પ્લાન્ટમાં બનાવ**

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમા આવેલા વટવા વિસ્તારની જીઆઈડીસી ફેઝ-૨ની એક બંધ ફેકટરીમા આજે બપોરના સુમારે અચાનક ગેસ ગળતરને પગલે ત્યાં હાજર એવા આઠ જેટલા કામદારો બેભાન થવા પામ્યા હતા આ ઘટનાને પગલે તમામને મણિનગર ખાતે આવેલી એલ.જી.હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામા આવ્યા હતા જે દરમિયાન ચાર કામદારોના મોત થવા પામ્યા છે જ્યારે ચારની હાલત ગંભીર છે.આ અંગે મળતી માહિતી અનુસાર,શહેરના પૂર્વ વિસ્તારમા આવેલી વટવા જીઆઈડીસી ફેઝ-૨મા એડવાન્સ ડાય સ્ટફ નામની ફેકટરી આવેલી છે આ ફેકટરીમા આવેલા એફલ્યુઅન્ટ પ્લાન્ટ પાસે બપોરના સુમારે આઠેક જેટલા કામદારો ઉભા હતા તે સમયે અચનાક કેમીકલ ભરેલા પ્લાન્ટમાંથી ગેસ ગળતર થતા એક કામદાર બેભાન થઈ પ્લાન્ટમા પડતા અન્ય કામદારો દ્વારા તેને બહાર કાઢવાનો પ્રયાસ કરવામા આવતા બીજા કામદારો પણ પ્લાન્ટમા પડતા તેઓ પણ બેહોશ થવા પામ્યા હતા.બીજી તરફ ફેકટરીમા બનેલી આ ઘટનાને પગલે ફાયરબ્રિગેડને જાણ કરવામા




આવી હતી ફાયરની ટીમ બચાવ કામગીરી માટે પહોંચે એ પહેલા જ બેભાન હાલતમા તમામ આઠ જેટલા કામદારોને સારવાર માટે મણિનગરમા આવેલી એલ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામા આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન ચાર કામદારોના મોત થવા પામ્યા હતા જ્યારે ચારની હાલત ગંભીર હોવાનુ હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા જાણવા મળ્યુ છે.શહેરના વટવા વિસ્તારમા આવેલી જીઆઈડીસી ફેઝ-૨ની આ ફેકટરીમા બપોરે એકના સુમારે બનેલી આ ઘટનાને પગલે અમદાવાદ ફાયર વિભાગની ટીમ ઉપરાંત ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે તેમજ એલ જી હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા.બીજી તરફ આ ઘટના અંગે ચીફ ફાયર ઓફિસર એમ.એફ.દસ્તૂરનો સંપર્ક કરવામા આવતા તેમણે કહ્યુ કે,ફેકટરીના કોમન એફલ્યુઅન્ટ પ્લાન્ટમા રાખવામા આવેલા કેમીકલમાંથી નીકળેલા ઝેરી ગેસને કારણે આ ઘટના બનવા પામી છે.બીજી તરફ આ ઘટનાને પગલે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટાફ સહીત અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા.જ્યા ફેકટરી માલિક તેમજ કોન્ટ્રાકટરની બેદરકારી મામલે ફરીયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામા આવી હતી. એલ.જી.હોસ્પિટલના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર,જે સમયે આ તમામ કામદારોને હોસ્પિટલ લાવવામા આવ્યા તે સમયે તેમના શરીર કેમીકલના કારણે વાદળી રંગના થઈ જવા પામ્યા હતા.જે ચાર કામદારોને હાલ સારવાર આપવામા આવી રહી છે તેમની હાલત પણ નાજુક છે.વટવા વિસ્તારમા બનેલી આ દુર્ઘટનામા ફેકટરી માલિક સહીત કોન્ટ્રાકટરની પણ ગુનાહીત બેદરકારી સામે આવવા પામી છે.

ઘટનાને પગલે સ્થાનિક રહીશોમા પણ ભારે રોષની લાગણી જોવા મળી હતી. દરમિયાન અમદાવાદ શહેરના વટવા વિસ્તારમા આવેલી એડવાન્સ ડાયસ્ટફ નામની ફેકટરીમા બનેલી આ દુર્ઘટના મામલે એડીશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટનો સંપર્ક કરવામા આવતા તેમનુ કહેવુ છે કે,પ્રાથમિક તપાસમા ફેકટરી માલિક અને કોન્ટ્રાકટરની બેદરકારી સામે આવી છે.ફેકટરી પાંચ દિવસથી બંધ હતી.



**મહેસાણામાં લઘુમતિ સમાજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ**

આજે સમગ્ર ગુજરાતમાં ૩૩ જિલ્લાના મુખ્યમથકમાં લઘુમતી મુસ્લિમ સમાજે સામુહિક આવેદન આપીને સરકાર સાથે ૮ માંગણીઓ મુકી હતી અને આગામી સમયમાં સરકાર આ બાબતે યોગ્ય દિશામાં કામ કરે અને માંગની સંતોષે તેવી માંગ સાથે જિલ્લા કલેક્ટર મહેસાણાને આવેદનપત્ર આપીને વિરોધ અને માંગ સંતોષવા માંગણી કરી હતી. આજે સમગ્ર ગુજરાતમાં લઘુમતી સમુદાયના રક્ષણ અને ઉઠાન માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મહેસાણા જિલ્લામાં લઘુમતી સમાજ અને મુસ્લિમ સેવા દળના નેજા નીચે આજે જિલ્લાના હોદેદારોએ મહેસાણા હૈદરીચોકથી પ્રસ્થાન કરીને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

## રણાવાડામાં સરપંચના પુત્ર પર ધાનેરાના ઈસમો દ્વારા જાનલેવા હૂમલો

શિહોરી, તા. ૧૮

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના રણાવાડા(જાગીર) ગામના રાવલ સચિનકુમાર અંબારામભાઈ બે ત્રણ મહિના પહેલા ધાનેરા ભણતો હતો તે વખતે નાંદલાના સુમેરસિંહ સાથે બોલાચાલી થયેલ



જેને લઈ એક બિજાને મનદુઃખ થયેલ ત્યારે તા. ૧૬-૯-૧૭ના રોજ સચિન રાવલને સુમેરસિંહ વાઘેલાએ ફોન કરેલ કે તુ શિહોરી બનાસ કોમ્પ્લેક્ષમાં આવ આપણે સમાધાન કરવું છે તેવુ કહેતા સચિન ભોળા ભાવે રણાવાડા(જા)થી શિહોરી આવ્યો ત્યારે અગાઉથી જ ત્યાં સુમેરસિંહ ડુંગરસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, વસીમખાન મેમણ આ ત્રણ અને એક બીજો અજાણ્યો ઈસમ ચારે જણ મને જોઈ બોલ તારે શું કરવાનું છે તેમ કહી મા-બેન સામી ભૂંડી ગાળો બોલી ચારે જણ ગુસ્સામાં આવી સચિન રાવલને ફેંટ પકડી જમીન ઉપર પાડી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની કોશિષ કરેલ અને અન્ય જગ્યાએ ઉપાડી લઈ જવા માટે પ્રયત્નો કરેલ ત્યારે બનાસ કોમ્પ્લેક્ષમાં બીજા અન્ય ત્રણ માણસોએ વચ્ચે પડી છોડાવી લઈ શિહોરી સરકારી દવાખાને દાખલ કરેલ અને પોલીસ ફરિયાદ કરતાં સમગ્ર શિહોરીમાં આ હૂમલાથી હાહાકાર મચી જવા પામ્યો હતો અને ફરિયાદી સચિન અંબારામ રાવલે ત્રણ વિરૂદ્ધ શિહોરી પો.સ્ટે.ને ગુના નં. ૭૦/૨૦૧૭ આઈપીસી ૩૨૩, ૨૯૪(ખ) ૫૦(૨)૧૧૪ મુજબ ચાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી તપાસ એચસી ધીરજીભાઈ દેસાઈ ચલાવી રહ્યા છે.

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, કિંગ્સબરી લંડનને મળેલ વિશ્વનો દ્વીતીય સાઉન્ડ એવોર્ડ

વિશ્વમાં મનોરંજન ક્ષેત્રે ટેકનલોજીના અદ્દભૂત ઉપયોગ બદલ મોન્ડો ડીઆર મેગેઝીન દ્વારા એવોર્ડની શરૂઆત કરવામાં આવેલ છે, જેમાં ઉત્પાદકો, વિક્રેતાઓ, ઉપભોગતા, બાઈટીંગ ડીઝાઈનર્સ, આર્કીટેક્ટ, ધ્વની વિજ્ઞાનીઓ, કલાકારો વિગેરે પાસેથી એવોર્ડ માટે આવેદન પત્રો મંગાવવામાં આવે છે. તથા તેમને ધ્વની અને મનોરંજન માટે ઉત્તમોત્તમ ટેકનીકના ઉપયોગ બદલ પુરસ્કૃત કરવામાં આવે છે, આ માટે સંલગ્ન ઉદ્યોગોના સ્વતંત્ર નિષ્ણાતોની સમિતિ રચવામાં આવે છે. શ્રી સ્વામિનારાયણ ગાદી મણિનગરના આચાર્યશ્રી પુરૂષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજ દ્વારા લંડનના કિંગ્સબરી ખાતે વર્ષ-૧૪માં નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર વિવિધ સંસ્કૃતિ, કલાત્મક, મનોરંજક, શૈક્ષણિક તથા સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે પ્રદાન આપી રહ્યું છે. આ મંદિર વિશ્વમાં સૌપ્રથમ ઈકોફ્રેન્ડલી મંદિર તરીકેનું સન્માન પણ પ્રાપ્ત કરી ચુક્યું છે. મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં ઓફિસરૂમમાં ધર્મહોલ, રસોઈઘર વિગેરેમાં જરૂરીયાત મુજબ સાઉન્ડની ગોઠવણી કરવામાં આવી છે.

### નોટીસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ, માણસા અને કલોલના મામલતદારને આ નોટીસ આપવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા આ ઉદાસીન વલણની ગંભીર નોંધ લેવામાં આવી છે.

૨૦મીએ કેન્દ્રીય ચૂંટણી પંચ ગુજરાતમાં વિધાનસભાની ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા માટે મુખ્ય ચૂંટણી અધિકારીની ટીમને દિલ્હી તેડાવ્યા છે ત્યારે તંત્રના આ ઉદાસીન વલણને લઈ આજે જિલ્લા કલેક્ટરે આ કારણદર્શક નોટીસ જારી કરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં એક સાથે પાંચ મદદનીશ ચૂંટણી અધિકારીઓને નોટીસ આપવાની આ પહેલી ઘટના છે અને તેના પગલે તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

### ઘેર આવોને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉજવણી માટે સેકટરોમાં માતાજીના ચાંચર ચોકની સફાઈ અને સુશોભન સહીતની કામગીરી ચાલી રહી છે. માંઈભક્તો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવી રહયુ છે. સે -૨૨, સે - ૩ , સે-૪, સે- ૨૬ સહીતના સેકટરોમાં ભવ્ય શેરી ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૩ બી માં નવરાત મહોત્સવને અનુલક્ષી રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જયારે શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે નવરાત મહોત્સવની અલ્ટ્રા મોર્ડન ઉજવણી કરવામાં આવશે. જેમાં સે-૬ ખાતે નિયત સ્થળે કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત મહોત્સવની ઉજવણીને અનુલક્ષી ભવ્યાતિભવ્ય ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ચ-૩ પાસે સ્થિત ગરબા મેદાનમાં લાયન્સ એન્ડ લાયોનેસ લીઓ કલબ દ્વારા ગરબા મહોત્સવને અનુલક્ષી તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. જયારે નજીકમાં જ રામકથા મેદાન પર થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ દ્વારા ભવ્ય ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે.સે-૩ એ ચહેર માતાના મંદિર પાસે કેપિટલ ક્રીએટીવ કલબ દ્વારા પણ ભવ્ય ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. નવલી નવરાતને આડે હવે માત્ર બે દિવસ આડા હોવાથી ખૈલેયાઓ ગરબે ઘુમવા ઉત્સુક છે. મનભરીને ગરબે ઘુમી લેવા માટે ખૈલેયાઓ સજ્જી રહયા છે. નવદુર્ગાની નવરાતમાં શકિતની ભકિત વંદના સાથે નવયૌવન હીલોળે ચઢશે.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રજા જ સર્વ સત્તાધિશ છે..! એમ કેમ ભુલી જાઓ છો..?!"

"કોઈ ભુલતું નથી અને ભુલે પોષાય એવું નથી... આ તો ચૂંટણી છે એટલે તમે પાણીમાંથી પોરા કાઢ્યા કરો... અને અમને વગોવો છો..!!'.

"કોઈની ભુલો શોધવાથી આપણે ડાહ્યા સ્થાપિત થતા નથી..! એટલું તો સમજો છો ને..?!"

"હા... સાહેબ... હા... આ જગત સત્ય છે... એ રાજકારણ હોય કે સમાજકારણ હોય..! ભુલો શોધવા કરતાં ભુલોનો સ્વીકાર કરવો... અને ભુલોને સુધારવી એ જ સાચો ઉકેલ છે..!"

"ભાઈ..! નાના મોંએ તે ઘણી મોટી વાત કરી..! આ પક્ષ કે પેલા પક્ષે પ્રજા સુખાકારી અને પ્રજા કલ્યાણની વાત કોણ કરે છે એના વિવાદ કરતાં કેવી રીતે એનો અમલ કરવો એનો જો સંવાદ થાય તો લોકશાહીધર્મ વધુ મજબુત બનશે..!!"

- નિમિત્ત માત્ર

### યુદ્ધના ભણકારા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તર કોરિયા તરફથી ત્રીજી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવેલા છઠ્ઠા અને સૌથી શક્તિશાળી ન્યુક્લિયર ટેસ્ટ અને જાપાન ઉપરથી મિસાઈલો છોડવામાં આવ્યા બાદ વધતી જતી તંગદિલી વચ્ચે અમેરિકાએ પ્રથમ વખત ફાઈટર જેટ વિમાનો ઉડાવ્યા હતા. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયે માહિતી આપતા કહ્યું છે કે, અમેરિકી ફાઈટર જેટે ચાર દક્ષિણ કોરિયન એફ-૧૫ ફાઈટર જેટની સાથે ઉંડાણ ભરી હતી. અલબત્ત અમેરિકા અને દક્ષિણ કોરિયાના સંયુક્ત તાલીમ કાર્યક્રમના હિસ્સા તરીકે આ વિમાનોએ ઉંડાણ ભરી હતી. દક્ષિણ કોરિયાએ એમ પણ કહ્યું છે કે, આ કવાયત યથાવતરીતે જારી રહેશે. આ અગાઉ ૩૧મી ઓગસ્ટના દિવસે અમેરિકા અને દક્ષિણ કોરિયાએ આસપાસમાં પોતાની તાકાત દર્શાવી હતી. અમેરિકા સતત ઉત્તર કોરિયા ઉપર દબાણ વધારી રહ્યું છે. હાલમાં જ સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકી રાજડદૂત નિક્કી હેલીએ કહ્યું હતું કે, જો ઉત્તર કોરિયા દ્વારા પરમાણુ પરીક્ષણ ઉપર અંકુશ મુકવામાં આવશે નહીં તો તે બરબાદ થઈ જશે. આ સપ્તાહમાં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ઉત્તર કોરિયા ઉપર વધુ કઠોર નિયંત્રણો લાગૂ કરવાની તૈયારી કરી લીધી છે. સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સંબોધન પણ કરનાર છે. આ ઉપરાંત તેઓ દક્ષિણ કોરિયા અને જાપાનના નેતાઓ સાથે પણ વાતચીત કરનાર છે. હાલમાં ઉત્તર કોરિયાના શાસક કિમજોંગે તેમના શાસનવાળા ઉત્તર કોરિયા તરફથી હાઈડ્રોજન બોંબનું પરીક્ષણ કરવામાં આવ્યા બાદથી તંગદિલી ચરમસીમા પર છે અને યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે છેલ્લા ઘણા દિવસથી જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. આવી સ્થિતિમાં અમેરિકા અને દક્ષિણ કોરિયા દ્વારા સંયુક્તરીતે શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યા બાદ હવે ઉત્તર કોરિયા કેવો પ્રતિસાદ આપે છે તેને લઈને વૈશ્વિક સમુદાયમાં ચિંતાનું મોજુ છે. જો કે, વૈશ્વિક સમુદાય ઉત્તર કોરિયાને લઈને આક્રમક વલણ અપનાવી શકે છે. ખાસ કરીને અમેરિકા ઉત્તર કોરિયાને લઈને ખુબ જ આક્રમક છે.

### સંકટના વાદળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વચગાળાના જનરલ સેક્રેટરી તરીકે દૂર કરી દીધા હતા. સાથે સાથે દિનાકરણ દ્વારા જે જાહેરાતો કરવામાં આવી હતી તે તમામ જાહેરાતોને રદ કરી દીધી હતી. ગયા મહિને ૧૯ ધારાસભ્યો રાજયપાલ સી વિદ્યાસાગર રાવને મળ્યા હતા અને મુખ્યમંત્રી પલાનીસામીને ટેકો પાછો ખેંચી લેવાના પત્રો સોંપ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી પનીરસેલ્વના નેતૃત્વમાં ગ્રુપ અને ઈપીએસ જૂથ વચ્ચે એકતા થઈ ગયા બાદ આ ૧૯ ધારાસભ્યો રાજ્યપાલને મળ્યા હતા. ૧૮ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા બાદ અન્નાદ્રમુકનું સંખ્યાબળ અધ્યક્ષ સહિત ઘટીને ૧૧૬ થયું છે જ્યારે ડીએમકેના ૮૯, કોંગ્રેસના આઠ અને આઈયુએમએલના એક સભ્ય તરીકે છે. ૧૮ સભ્યો ગેરલાયક જાહેર થયા બાદ ૧૯ સીટો હવે ખાલી થઈ છે. એટલે કે વિધાનસબામાં ૨૧૫ ચૂંટાયેલા સભ્યો છે. સરકારને વિધાનસભામાં બહુમતિ પુરવાર કરવા ૧૦૮ મતની જરૂર છે.

### આતંકવાદી ઝડપાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની આઈડીને લઈને તપાસ ચાલી રહી છે. હક છેલ્લા ચાર વર્ષથી અલકાયદા માટે કામ કરી રહ્યો હતો. અલકાયદાએ છેલ્લા થોડાક સમયથી ભારત પર હુમલા કરવાની વારંવાર ધમકી આપી છે. હાલમાં દિલ્હી પોલીસ દ્વારા તેની પુછપરછ કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં વધુ સફળતા હાથ લાગી શકે છે. ધરપકડ કરવામાં આવેલા શખ્સના અન્ય સાગરિતોની શોધખોળ પણ ચાલી રહી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ શેલના અધિકારીઓનું કહેવું છે કે ટૂંકમાં જ તેમને પણ પકડી લેવામાં આવશે. ઝડપાયેલા અલકાયદાના શખ્સ પાસેથી કોઈ ખતરનાક સામગ્રી અથવા તો દસ્તાવેજો મળ્યા નથી.



**મોડાસામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઊજવણી**

૧૭ સપ્ટેમ્બર રવિવારે ભારતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીનો ૬૭ મો જન્મદિવસ ગુજરાત રાજ્યની એક માત્ર વિકલાંગ આઈટીઆઈ અને બહેરા મુંગા શાળાના ગરીબ બાળકો વચ્ચે ૬.૭૦૦ ગ્રામની કેક ભાજપાના વરિષ્ઠ નેતા અને પ્રદેશ કારોબારી સભ્ય કનુભાઈ પટેલ ધ્વારા કેક કાપી જન્મદિવસની ઊજવણી કરી તેમના દિર્ઘ આયુષ્ય માટે બાળકોએ તેમજ હાજર ભાજપા કાર્યકરોએ જગતજનની જગદંબાની પ્રાર્થના કરી હતી. તેમજ હાજર કનુભાઈ પટેલ, ભાજપાના શહેર પ્રમુખ જગદીશ ભાવસાર, યશવતંભાઈ વ્યાસ, કીશોર જોષી, જગદિશ પટેલ, રાજુભાઈ સગર તથા કમલેશ પટેલ ધ્વારા સંસ્થાના બાળકોને સવારે દુધપાક અને રાત્રી ભોજન પણ બાળકોને તેમની ઈચ્છા અનુસાર ફરસાણ સાથેનુ ભોજન પીરસવામા આવ્યુ હતુ.

## ધાનેરા પાલિકાની ગંભીર બેદરકારીથી એક બાદ એક અબોલ પશુના મોત

**ક્યારેક ગટરમાં ફસાઈને મોત તો ક્યારેક કચરાપેટીમાં ફસાઈને મોત : પાલિકાની પોલ ન ખુલી જાય તે માટે પાલિકાએ રાતોરાત આખલાને ઉઠાવી લીધો**

ધાનેરા નગરપાલિકા ની ગંભીર બેદરકારીથી આજે એક બાદ એક અબોલ પશુ જીવ ગુમાવી રહ્યા છે ત્યારે પાલિકા નું નઘરોળ તંત્ર મૂંગા મોઢે ચુપચાપ તમાશો જોયા કરે છે અને ભાજપ સરકાર ની આબરૂ ના ધજાગરા ઉડાવે છે માટે ભાજપ ની સરકાર આવા લોકો સામે કાયદેસર ની કાર્યવાહી કરી પાઠ ભણાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે એટલુંજ નહિ પણ હવે તો લોકો ચેલેન્જ પણ આપી રહ્યા છે કે સરકાર પાથ નહિ ભણાવે તો અમે ભણાવશું પાઠ.



ગુજરાત સરકાર અને મોદી સરકાર ભારત ને સ્વચ્છ બનવવા માટે રાત-દિવસ મહેનત કરી રહ્યા છે ત્યારે ધાનેરા માં સ્વચ્છતા ના નામે મીંડું જોવા મળી રહ્યું છે અને લોકો ગંદકી થી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે આટલું જ નહિ પણ ગંદકી ના કારણે ધાનેરા માં ભારે રોગચાળો ફાટી નીકળ્યો હતો અને તેમાં ૭ થી વધુ લોકોના મોત નિપજ્યા હતા તો ૧૦૦૦ થી વધુ લોકો આ રોગચાળાનો ભોગ બન્યા હતા ત્યારે આજે ફરીવાર ધાનેરા માં ભારે રોગચાળો ફેલાવાની શક્યતાઓ સેવાઈ રહી છે સમગ્ર ધાનેરા શહેર ગંદકીથી ઉભરાઈ રહ્યું છે.

ધાનેરા માં ખુલ્લી ગટર અને ઉભરાયેલી કચરા પેટી થી લોકો ત્રાહિમામ પોકારીઓ ઉઠ્યા છે અને આ બાબતે પાલિકા તંત્ર ને વારંવાર જાણ પણ કરવામાં આવી રહી છે છતાં પણ પાલિકા નું તંત્ર લોકોની વાત સાંભળવા માટે તૈયાર જ નથી ત્યારે થોડા સમય અગાઉ ખલ્લી ગટર માં એક આખલો પડી જતા આખલા નું મોટ નીપજ્યું હતું તે બાદ ગઈ કાલે રાત્રે એક આખલો કચરા પેટી માં ફસાઈ જતા આખલા નું મોત નીપજ્યું હતું અને પાલિકા ના સત્તાધીશોએ પોતાની પોળ ખુલી ન જાય તે માટે રાતોરાત આખલા ને ઉઠાવી લીધો હતો ગઈ કાલે ધાનેરા નગરપાલિકા ધ્વરા સફાઈ નું નાટક ભજવવામાં આવ્યું હતું જેમાં પાલિકા ના સત્તાધીશોએ હાથ માં જાડું પકડી ફોટા પડાવ્યા હતા અને પોતાની સસ્તી પ્રસિદ્ધિ કરી હતી ત્યારે રોષે ભરેયેલા લોકોએ જણાવ્યું હતું કે પહેલા ધાનેરા ને સ્વચ્છ બનાવો અને પછી તમારી સસ્તી પ્રસિદ્ધિ કરો અને સાથે સાથે લોકોએ માંગણી પણ કરી હતી ધાનેરા નગરપાલિકા ના સત્તાધીશો ભાજપ સરકાર ના આબરૂ ના ધજાગરા ઉડાવી રહ્યા છે માટે ભાજપ સરકાર આવા લોકો ને પાથ ભણાવે તે ખુબ જરૂરી છે.



**પાલનપુર શહેરમાં સફાઇ મહાઅભિયાન હાથ ધરાયું**

શ્રી બનાસકાંઠા કિસાન વિકાસ મંડળ અને વિવિધ સહયોગીઓ સંસ્થાઓ ધ્વારા પાલનપુર શહેરમાં સફાઈ મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તા.૧૭ સપ્ટે મ્બરના રોજ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી અંતર્ગત બનાસકાંઠા કિસાન વિકાસ મંડળ, ઉમિયા વિધાવિહાર ગણેશપુરાના ૪૦ જેટલાં બાળકો અને શિક્ષકશ્રીઓએ સ્વચ્છતા એ જ સેવાના સંકલ્પ સાથે પાલનપુર બસ સ્ટેશન અને શહેરના જુદા જુદા વિસ્તારોમાં સફાઈ કરી સ્વચ્છ ભારતના નિર્માણનો સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે શાળાના બાળકોએ પ્લાસ્ટીક મુક્ત ભારત, પર્યાવરણ બચાવો અને જળ, જંગલ બચાવવાના સંકલ્પ લીધા હતા.

### યાદો ખાક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રેમરોગથી લઈને પોતાના દ્વારા બનાવવામાં આવેલી આ અબ લૌટ ચલેનો સમાવેશ થાય છે. રિશીએ કહ્યું હતું કે, આરકે સ્ટુડિયોમાં પોતે તેમની યાત્રા રણધીર અને રીતુની સાથે તેઓ કરી ચુક્યા છે. શ્રી૪૨૦ના ત્યાર હુઆ ઈકરાર હુઆ ગીતના શૂટિંગ સાથે તેની કેરિયર શરૂ થઈ હતી તે વખતે તે બે વર્ષનો હતો. કારણ કે તેમને ભારે વરસાદમાં ચાલવા માટેનો એક સિન કરવાનો હતો. ઋષિ કપૂરનું કહેવું છે કે, તેમની માત્રા કૃષ્ણા કપૂર માટે મોટા આઘાત તરીકે આ આગની ઘટના છે. તેમની માતા આના કારણે દુખી પણ છે. તેમની તબિયત પહેલાથી જ ખરાબ છે. અમે સ્ટુડિયોમાં તેમને લાવી રહ્યા નથી. રિશી કપૂરને જ્યારે નુકસાન અંગે પુછવામાં આવ્યું ત્યારે રિશીએ કહ્યું હતું કે, તમામ યાદો ખતમ થઈ ગઈ છે. મેરા નામ જોકરમાં રાજ કપૂરે જે ફેમસ જોકર માસ્ક પહેર્યું હતું તે પણ બળી ગયું હતું. આર કે ફિલ્મની તમામ ફિલ્મોના કોસ્યુમ પણ હતા. આરકે બેનરની ફિલ્મોમાં નરગીસથી લઈને એશ્વર્યા રાય સુધી જે અભિનેત્રીઓએ કોસ્યુમ પહેર્યા હતા તે તમામ નષ્ટ થઈ ગયા છે. જીસ દેશ મેં ગંગા બહેતી હૈમાં પદ્મનિ દ્વારા પહેરવામાં આવેલી જ્વેલરી પણ મુકવામાં આવી હતી. આગની ઘટના આરકે સ્ટુડિયોમાં અગાઉ પણ બની ચુકી છે. આરકે સ્ટુડિયોની સાથે અનેક મોટી ઘટનાઓ બની ચુકી છે. ૧૯૭૦માં જ્યારે મેરા નામ જોકર ફિલ્મ ફ્લોપ થઈ હતી ત્યારે રાજકપૂરને આ સ્ટુડિયોને ગિરવે મુકવાની ફરજ પડી હતી. પોતાના જીવનના અંતિમ દોરમાં રાજકપૂરને સ્ટુડિયોના બે સ્ટેજને વેચવાની ફરજ પડી હતી.